ગાંધીનગર સમાચાર

તેલંગાણાના મુખ્યમંત્રી તરીકે રાવની તાજપોશી

હૈદરાબાદ, તા. ૨

ટીઆરએસના પ્રમુખ કે ચંદ્રશેખર રાવે આજે અસ્તિત્વમાં આવેલા દેશના ૨૯માં રાજ્ય તેલંગણાના પ્રથમ મુખ્યપ્રધાન

તરીકેના શપથ લીધા હતા. રાવને તેલંગણાના રાજ્યપાલ ઈએસએલ નરસિમ્હને એક સાદા કાર્યક્રમમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. તેલંગણાના જન્મની સાથે જ ભારતના ઈતિહાસમાં વધુ એક નવા રાજ્યનો જન્મ થઈ જતા ચારે બાજુ ઉજવણી કરવામાં આવી હતી. આંધ્રપ્રદેશના વિભાજન મારફતે અલગ તેલંગાણા રાજ્યની રચના માટેની લાંબી પ્રક્રિયા ચાલી હતી. જેના પરિણામ સ્વરૂપે હવે અલગ તેલંગાણા રાજ્ય બની જતા આજે તેલંગાણાના લોકો માટે ઐતિહાસિક દિવસ રહ્યો હતો. ચંદ્રશેખર રાવે રાજભવન ખાતે સવારે ૮.૧૫ વાગે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. આની સાથે જ કેસીઆર હેઠળ નવી સરકાર અસ્તિત્વમાં આવી હતી.. હાલમાં ચુંટણીમાં ટીઆરએસએ ૧૧૯ બેઠકો પૈકી ૬૩ બેઠકો જીતી લીધી હતી. તેલંગાણા અસ્તિત્વમાં આવે તે પહેલાં ઘણી બધી ઝુંબેશો હાથ ધરવામાં આવી હતી. ચંદ્રશેખર રાવના શપથ પહેલા તેલંગાણાના નવા રાજ્યપાલ તરીકે નરસિમ્હને શપથ લીધા હતા.ઈન્ટેલીજન્સ બ્યુરોના ભૂતપૂર્વ વડા નરસિમ્હન તેલંગાણા અને આંધ્રપ્રદેશના રાજ્યપાલ તરીકે કામ કરશે. શપથ લીધા બાદ કેસીઆર પરેડ ગ્રાઉન્ડ ખાતે તેલંગાણા રચના દિવસની ઉજવણીમાં જોડાયા હતા. કેસીઆરના પ્રધાનમંડળની રચનાને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો હતો. કેસીઆર આ મહીનાના અંત પહેલા તેમના પ્રધાન મંડળનું વિસ્તરણ કરે તેવી શક્યતા છે. ટીઆરએસના વડા કે ચંદ્રશેખર રાવ દ્વારા ઝેડપ્લસ સુરક્ષા છત્રની માંગ કરવામાં આવી છે. ૬૦ વર્ષીય કે ચંદ્રશેખર રાવની સાથે તેમના પુત્ર કેટી રામા રાવ, ભત્રીજા હરિશ રાવ અને અન્ય નવ લોકોએ પણ શપથ લીધા હતા. અન્ય નવ પ્રધાનોએ પણ શપથ લીધા હતા. શપથવિધી કાર્યક્રમમાં ટોચના લોકો ઉપસ્થિત રહ્યાં હતા. સંયુક્ત આંધ્રપ્રદેશમાં લાદવામાં આવેલા રાષ્ટ્રપતિ શાસન આજે ઉઠાવી લેવામાં આવ્યા હતા. અગાઉ સવારે નરસિમ્હને પણ રાજ્યપાલ તરીકે શપથ લીધા હતા. આંધ્રપ્રદેશના હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા તેમને શપથ લેવડાવવામાં આવ્યા હતા. જે નવ અન્ય પ્રધાનોએ આજે શપથ લીધા હતા તેમાં મોહમ્મદ અલી, ટી રાજૈયા, નયની નરસિમ્હ રેડ્ડી, ઈટેલા રાજેન્દર, પોચરામ શ્રીનાવસ રેડ્ડી, ટી પદ્મારાવ, મહિન્દર રેડ્ડી, જોગુ રામાન્ના અને જી જગદીશ રેડ્ડીનો સમાવેશ થાય છે.

તેલંગાણાની રચના બાદ ભવ્ય ઉજવણી

હૈદરાબાદ,તા. ૨

આંધ્રપ્રદેશમાંથી અલગ કરીને તેલંગાણાની રચના કરવામાં આવ્યા બાદ આજે ઉજવણીનો દોર શરૂ થયો હતો. લોકો જાહેર રસ્તા પર ઉતરી આવ્યા હતા. રાજ્યની રચનાના પ્રસંગે ખાસ રીતે મુંબઈથી મંગાવવામાં આવેલા

ફટાકડાના કારણે લોકોને જોરદાર આતશબાજીનો નજારો જોવા મળ્યો હતો. ઉજવણી કરવા માટે લોકો રાત્રે ૧૨ વાગ્યા બાદ રસ્તા પર ઉતરી આવ્યા હતા. હૈદરાબાદના ૧૨૦ મેન ચાર રસ્તા પર રોમાંચક વાતાવરણ જોવા મળ્યુંહતુ. લોકોભારે ખુશ દેખાઈ રહ્યા હતા. લાંબા સમયથી તેલંગાણાની રચનાને લઈને કવાયત ચાલી રહી હતી. આખરે લોકોનુ સ્વપ્ન પૂર્ણ થયું છે. રાજ્યના પ્રથમ મુખ્યપ્રધાન તરીકે આજે ચન્દ્રશેખર રાવે જવાબદારી સંભાળી લીધી હતી. ઉજવણીનો દોર આગામી બે ત્રણ દિવસ સુધી ચાલે તેવી શક્યતા છે.

આંતરિક સુરક્ષા મજબૂત કરવા રોડમેપ બનાવાશે

નવી દિલ્હી,તા. ૨

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ આજે જુદા-જુદા અર્ધલશ્કરી દળના વડાઓ અને અન્ય કેન્દ્રીય સંસ્થાઓના વડાઓ સાથે વાતચીતમાં વ્યસ્ત રહ્યા હતા. રાજનાથસિંહે દેશની આંતરીક સુરક્ષાને મજબૂત કરવા માટે એક રૂપરેખા તૈયાર કરવા માટે તેમને સુચના આપી હતી. આ બેઠક આશરે ૩૦ મિનિટ સુધી ચાલી હતી. બેઠક દરમિયાન પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે, રોડમેપ તૈયાર કરતીવેળા સુરક્ષા સંસ્થાઓને વિકાસના પાસાઓને પણ ધ્યાનમાં લેવા જોઈએ. અર્ધલશ્કરીદળના વડાઓ ઉપરાંત આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવલ, ઈન્ટેલીજેન્સ બ્યુરોના વડા આશીફ ઈબ્રાહીમ અને રોના વડા આલોક જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. ગૃહપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ રાજનાથસિંહે આંતરીક સુરક્ષા માટેના નવા વિચાર સાથે આવવા માટે તેમના અધિકારીઓને સૂચના આપી હતી. સાથે-સાથે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વધુ સારા સંકલનની જરૂરીયાત માટે ભાર મુક્યો હતો.તેમણે એમપણ કહ્યું હતું કે, પડોશી દેશો સાથે સરહદી વિવાદોને ઉકેલવા માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવશે. રાષ્ટ્રીય હિતો સાથે બાંધછોડ કર્યા વગર સરહદી વિવાદોને ઉકેલવા જોઈએ. રાજનાથસિંહે કહ્યું હતું કે, આંતરીક સુરક્ષા, કેન્દ્ર રાજ્ય વચ્ચેનો સંબંધો, ઉત્તરપૂર્વ અને જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા પાસાઓ ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ઘુસણખોરીનો મુદ્દો પણ આ બેઠકમાં છવાયો હતો. ઉપરાંત સીરક્રિક અંગે પાકિસ્તાન સાથે વિવાદનો મુદ્દો પણ છવાયો હતો.

પૃથ્વીરાજ પ્રધાનમંડળનું કદ વધીને ૪૨ થયું

મહારાષ્ટ્રમાં પ્રધાનમંડળનું વિસ્તરણમાં બેનો સમાવેશ

મુંબઈ,તા. ૨

મહારાષ્ટ્રમાં પ્રધાનમંડળનુ આજે ફરી એકવાર વિસ્તરણ કરવામાં આવ્યું હતુ. નજીવા વિસ્તરણના ભાગરૂપે મુખ્યપ્રધાન પૃથ્વીરાજ ચૌહાણે આજે બે નવા ચહેરાને કેબિનેટમાં સામેલ કર્યા હતા. આની સાથે જ તેમના પ્રધાનમંડળનુ કદ વધીને ૪૨ ઉપર પહોંચી ગયુ હતુ. એક સપ્તાહની અંદર બીજી વખત પ્રધાનમંડળનુ વિસ્તરણ કરવામાં આવ્યુ છે. સવારે નવ વાગે રાજભવનમાં શપથવિધી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતુ. અગાઉ એક પ્રધાનનો સમાવેશ કરવામાં આવ્યા બાદ આજે વધુ પ્રધાનોને સામેલ કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ મુખ્યપ્રદાન વિલાસરાવ દેશમુખના પુત્ર અમિત

દેશમુખ અને પૂર્વ મુખ્યપ્રધાન અશોક ચવ્હાણના નજીકના સાથી અબ્દુલ સત્તારનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બન્નેને ક્રમશ કેબિનેટ અને રાજ્યપ્રધાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યપ્રધાન પૃથ્વીરાજ એન રાજ્ય એક્મના વડા માણિકરાવ દ્વારા સુચવવામાં આવેલા નામને પાર્ટી હાઈ કમાન્ડ દ્વારા લીલીઝંડી આપવામાં આવી નથી. ચવ્હાણ તેમના પ્રધાનમંડળમાંથી કેટલાક પ્રધાનોને પડતા મુકવા ઈચ્છા હતા. કારણ કે તેમની હાલમાં વ્યાપક ટિકા થઈ રહી હતી. જો કે આને પણ મંજૂરી આપવામાં આવી નથી. કોંગ્રેસના નેતાઓ વચ્ચે હાલમાં ભારે વિખવાદની સ્થિતી રહી છે. મહારાષ્ટ્રમાં તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને એનસીપીની કારમી હાર થઈ હતી. ભાજપ અને શિવ સેનાનો દેખાવ જોરદાર રહ્યો હતો. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને એનસીપીની હાલત ખૂબ કફોડી બનેલી છે. લોકસભાની ચુંટણીમાં હાર બાદ કોંગ્રેસ અને એનસીપીમાં હારના કારણોને લઈને ચકાસણી ચાલી રહી છે ત્યારે વિખવાદની સ્થિતિ વધી રહી છે. આજ કારણસર ૧૫ દિવસના ગાળામાં પ્રધાનમંડળનું બે વખત વિસ્તરણ કરાયું છે.

મુખ્યમંત્રી અખિલેશ યાદવની ઓફિસ પર જોરદાર હોબાળો

લખનૌ,તા. ૨

બદૌનમાં ગેંગરેપ અને હત્યા કેસના સંદર્ભમાં ભારે હોબાળો મચી ગયો છે. આજે પણ ધાંધલધમાલનો દોર જારી રહ્યો હતો. મુખ્યમંત્રી અખિલેષ યાદવની ઓફિસ ઉપર તોડફોડ કરવામાં આવી હતી. આજે સવારે જ ભાજપ મહિલા મોરચાના લોકો અખિલેશ યાદવની ઓફિસ ઉપર પહોંચી ગયા હતા અને ઘેરાવ કર્યો હતો. જોરદાર ધાંધલધમાલ કરવામાં આવી હતી. ભાજપ મહિલા મોરચાના કાર્યકરો ઉત્તરપ્રદેશ ભાજપ

અધ્યક્ષ લક્ષ્મીકાંત વાજપેયીના નેતૃત્વમાં મુખ્યમંત્રીની ઓફિસનો ઘેરાવ કરવા પહોંચી ગયા હતા. પોલીસે તેમને અધવચ્ચે રોકયા હતા. તેમના પર પાણીનો મારો ચલાવવામાં આવ્યા હતા. પોલીસ સાથે જોરદાર ઝપાઝપી પણ થઈ હતી. ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. દેખાવકારો રાજ્ય વિધાનસભાની સામે ભાજપની ઓફિસ ઉપર એકત્રિત થયા હતા અને લાલબહાદુર શાસ્ત્રી ભવન ખાતે મુખ્યમંત્રીની ઓફિસ તરફ કૂચ કરી હતી. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. ઘણી મહિલાઓની અટકાયત પણ કરવામાં આવી હતી. દરમિયાન મહિલા પાંખના રાજ્યપ્રમુખ કમલાવતીસિંહ અને છ મહિલા સાંસદો વાતચીત માટે મુખ્ય સચિવને મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસથી બદૌનમાં ભારે તંગદીલી ફેલાયેલી છે. બે દલીત બહેનો ઉપર બળાત્કાર અને ત્યારબાદ તેમની હત્યાને લઈને ભારે હોબાળો મચેલો છે. જુદા-જુદા પ્રધાનો બદૌન પહોંચી ચુક્યા છે.

ફ્રેન્ચ ઓપન : સાનિયાની કુચ પણ બોપન્નાની અંતે હાર થઈ

પેરિસ,તા. ૨

રોલેન્ડ ગેરોસ ખાતે રમાઈ રહેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા મહિલાઓના ડબલ્સ વર્ગમાં ક્વાર્ટર

ફાઈનલમાં પ્રવેશી ગઈ છે. સાનિયા અને ઝિમ્બાબવેની તેની સાથી ખેલાડી કારા બ્લેકની જોડી આગામી રાઉન્ડમાં પ્રવેશ કરી ગઈ છે. જ્યારે રોહન બોપન્નાની હાર થઈ છે. ફ્રેન્ચ ઓપન ટેનિસમાં મિક્સ ડબલ્સમાં ભારતના રોહન બોપન્નાની જોડી હારી ગઈ છે. રોહન અને સ્લોવિયન ખેલાડી કેટરીના શ્રેબોટનિકની જોડીની જર્મન જોડી સામે ૨-૬,૬-૪ અને ૧૦-પથી હાર થઈ હતી. આ મેચ એક કલાક અને છ મિનિટ સુધી ચાલી હતી. દરમિયાન ભારતીય ગ્લેમર ગર્લ સાનિયા અને કારાની જોડીએ મહિલાઓની ડબલ્સમાં શાનદાર રમત રમી હતી. સાનિયા એન કારાની જોડીએ એક કલાક અને ૧૮ મિનિટમાં મેચ જીતી લીધી હતી. કોર્ટ નંબર બે પર રમાયેલી ત્રીજા રાઉન્ડની મેચમાં સાનિયા એન કારાની જોડીએ જેલેના જેનકોવિક અને ક્લેબાનોવાની જોડી પર સીધા સેટોમાં ૬-૩ એન ૬-૩થી જીત મેળવી લીધી હતી. પ્રથમ સેટમાં એન બીજા સીટ બન્નેમાં સાનિયા એન કારાએ તેમની હરિફ ખેલાડી કોઈ પણ તક આપી ન હતી. સાનિયા એન કારાની જોડી હવે ચાઈનીઝ તાઈપેયીની જોડી સામે રમશે. જો કે બોપન્ના માટે દિવસ ખરાબ રહ્યો હતો. બોપન્ના એન કેટરીનાએ શાનદાર શરૂઆત કરી હતી અને પ્રથમ સેટ જીતી લીધો હતો જો કે આ પ્રકારની રમતને બન્ને જાળવી શક્યા ન હતા. પ્રથમ સેટ આ બન્નેએ માત્ર ૨૩ મિનિટમાં જીતી લીધો હતો. જો કે જર્મન-સર્બેયન ખેલાડી જર્યોજેશ અને નેનાડ ઝિમોનઝિકની જોડીએ બીજો સેટ ૩૨ મિનિટમાં પોતાના નામે કરી લીધો હતો. ત્રીજા સેટમાં જોરદાર ટક્કર જોવા મળી હતી. અંતે બોપન્ના અને કેટરીનાની જોડીની હાર થઈ હતી.હવે બોપન્નાના પડકારનો અંત આવ્યો છે. જો કે સાનિયા મિર્ઝાએ મહિલા ડબલ્સમાં ભારતની આશા હજુ જીવંત રાખી છે. જો કે હવે પડકારરૂપ મેચમાં તેમની કસોટી થનાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને પાઠવેલી શુભેચ્છા

નવી દિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશના ૨૯માં રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યા બાદ આજે સવારે લોકોને શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે રાજ્યન તમામ પ્રકારની સહાયતા કરવાની ખાતરી પણ આપી હતી. ઘણા સમયથી આના માટેની પ્રક્રિયા ચાલી હતી. નવા રાજ્યની રચના દરમિયાન કેટલાક સમર્થકો અને વિરોધી આમને સામને રહ્યા હતા. આને લઈને હિંસા પણ થઈ હતી. બીજી બાજુ અગાઉની યુપીએ સરકાર નવા રાજ્યની રચનાને લઈને મક્કમ રહી હતી. જેથી આજે નવા રાજ્યની રચના થઈ છે. રાજ્યના પ્રથમ મુખ્યપ્રધાન તરીકે ચન્દ્રચેન્દ્રરાવે આજે સવારે જવાબદારી સંભાળી લીધી હતી. રાવની સાથે તેમની કેબિનેટમાં રાવના પુત્ર કેટી રામારાવનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમના ભત્રીજા હરીશ રાવ પણ સામેલ થયા છે. ટુંકમાં કેબિનેટની ફેરરચના કરવામાં આવનાર છે. મોદીએ કહ્યું હતું કે, તેલંગાણા રાજ્યના લોકો અને સરકારની કેન્દ્ર સંપૂર્ણ મદદ કરશે.

વારાણસીને ૨૪ કલાક વિજળી આપવા નિર્ણય

લખનૌ,તા. ૨

ઉત્તરપ્રદેશમાં વિજળી સંકટ સર્જાયા બાદ ઉત્તરપ્રદેશ સરકારે કેન્દ્રની મોદી સરકાર પાસેથી ૩૨૫ મેગાવોટ વિજળીની માંગ કરી હતી. આ માંગને સ્વીકારી લઈને ઉર્જાપ્રધાન પીયુષ ગોહેલે ઉત્તરપ્રદેશને તરત એનટીપીસીમાંથી ૩૨૫ મેગાવોટ વિજળીનો પુરવઠો ઉપલબ્ધ કરાવી દીધો છે. હવે અખિલેશ

સરકારે વારાણસીને ૨૪ કલાક વિજળી આપવાનો નિર્ણય કર્યો છે. વારાણસી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મત વિસ્તાર તરીકે છે. ઉત્તરપ્રદેશના લોકો વિજળીની કટોકટીના કારણે ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે જાહેરાત કરી છે કે, વારાણસી વિજળી કાપથી મુક્ત રહેશે. અખિલેશ સરકારે આ સંદર્ભમાં પુર્વાંચલ વિજળી વિતરણ નિગમના એમડીને આદેશ કરી દીધો છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા કેટલાક દિવસથી સમગ્ર ઉત્તરપ્રદેશમાં વિજળી કટોકટી ઉભી થયેલી છે. ગરમીથી લોકો પરેશાન થયેલા છે. વારાણસીમાં ૨૪ કલાક વિજળી પુરવઠો ઉપલબ્ધ કરાવવાની માંગ ભાજપના સભ્યો દ્વારા કરવામાં આવી રહી હતી. વારાણસી દક્ષિણ બેઠક પરથી સાત વખત ચુંટાઈ આવેલા ધારાસભ્યો શ્યામદેવ રાવ ચૌધરી વારાણસીને ૨૪ કલાક વિજળી આપવાની માંગને લઈને અનશન પર હતા.

સમાચાર ઝલક

- ૧૯૯૩નાં મુંબઇ હુમલાનાં ગુનેગાર યાકૂબ મેમણની ફાંસીની સજા પર સુપ્રીમ કોર્ટે લગામ લગાવી.
- જૂનાગઢ મનપામાં ભંગાણ કોંગ્રેસી કોર્પોરેટરો ભાજપમાં જોડાયા.
- ઉત્તરપ્રદેશમાં સતત 3 બનાવો દુષ્કર્મનાં બન્યા, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે.
- મોસ્કોમાં વિમાન દૂર્ઘટનામાં ૧૬ લોકોનાં મોત.
- આજે આરબીઆઇની સમીક્ષા નીતિ પર શેરબજાર તથા વેપારીઓની મીટ.
- અનેક અટકળો વચ્ચે મહારાષ્ટ્રમાં પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું.
- દિલ્હીમાં દાઉદની ટોળકી આતંકી હુમલો કરી શકે છે : ગુપ્તચરતંત્રનો અહેવાલ.
- સિરીયામાં સૈનિકોના કેમ્પમાં સુરંગ ફાટતાં ૪૦નાં મોત.
- રાજકોટના ઉદ્યોગપતિની હત્યા અંગત અદાવતને કારણે થઇ હતી.
- જયલલિતાનો પક્ષ એનડીએમાં જોડાશે તેવી અટકળો.
- મહારાષ્ટ્રમાં કોલ્હાપુરમાં બસ અકસ્માતમાં ૧૨નાં મોત.
- મહિસાગરમાં ૪ વ્યક્તિઓ ડૂબી.
- અમદાવાદમાં ૪ મહિનામાં ૯ કરોડ રૂપિયાની લૂંટ ચલાવાઇ, અસલામત બનતું જતું અમદાવાદ.
- પાકિસ્તાનમાં દૈનિક જંગના તંત્રીની જાહેરમાં મારપીટ કરાઇ.
- સ્કોટલેન્ડમાં કાર રેલીમાં 3નાં મોત.
- કેન્દ્ર સરકારની કામગીરીની પર ચાંપતી નજર રાખવા સંઘે સમિતિ બનાવી.
- બોલીવુડમાં મારો કોઇ ખાસ મિત્ર નથી : સોનાક્ષી સિંહા.
- ભોપાલમાં એકી સાથે ૫૦ બાઇક સળગી ગયા.

માહિતી મંચ (પાના નં. ૪ નું ચાલુ)

ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેના કલમ ૭૪ માં કરેલા સુધારાઓ અન્વયે, સંઘની કારોબારી સત્તાના ઉપયોગમાં, જ્યારે રાષ્ટ્રપતિ મંત્રીમંડળની સલાહ સાથે સહમત ન હોય ત્યારે મંત્રીમંડળ સાથે અરસપરસ મંત્રણા, સલાહમસલત કરી સહમતિ કેળવવાનો વિકલ્પ અને સંવિધાનની જે તે કલમોમાં મંત્રીમંડળની સલાહને ધ્યાનમાં લીધા બાદ તે પ્રમાણે ન વર્તવાનો Discretionary, વિવેક આધિન સત્તા રાષ્ટ્રપતિને આપેલી છે, તેને એમ બંને વિકલ્પોનો છેદ ઉડી જાય છે.

ધારાકીય કાર્યરીતિમાં અને સામાન્ય કાયદા અંગેના વિધેયકને સંસદના બંને ગૃહોએ પસાર કર્યા બાદ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરે ત્યારે તેને અનુમતિ આપવાનું રોકી રાખવાની સત્તાના વિકલ્પનો પણ છેદ ઉડી જાય છે.

સંવિધાનમાં સુધારાઓ કરવા બાબતની સંવિધાનની કલમ ૩૬૮માં કરેલા સુધારાઓ અન્વયે, સંવિધાનની કલમોમાં સુધારા અંગેના વિધેયકને જ્યારે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે, રાષ્ટ્રપતિને તેઓની અનુમતિ રોકી રાખવાનો વિકલ્પ એમ બંને વિકલ્પોનો છેદ ઉડાડી દેવામાં આવ્યો છે.

સારાંશમાં આમ સ્પષ્ટપણે સાબિત થાય છે કે ભારતના સંવિધાનના ઘડવૈયાઓએ બનાવેલા, સ્થાપિત કરેલા, ચૂંટાયેલા, ભારતના શક્તિશાળી રાષ્ટ્રપતિની, સંવિધાનમાં સુધારાઓ કરી, સત્તાઓ ખૂંચણી લઇ, તેઓને સત્તા વિહોણા બનાવાયેલા છે.

(ક્રમશઃ)

નવા તેલંગાણામાં સાક્ષરતા માટેનો દર ૬૭ ટકાથી વધુ

હૈદરાબાદ,તા. ૨

આંધ્રપ્રદેશમાંથી અલગ કરીને તેલંગાણાની રચના કરવામાં આવી ચુકી છે. આજે ૨૯માં રાજ્ય તરીકે તેલંગાણા અસ્તિત્વમાં આવી ગયા બાદ હવે નવા મુખ્યપ્રધાન તરીકે આ રાજ્યને આગળ લઈ જવાની ચન્દ્રશેખર રાવની મોટી જવાબદારી રહેશે. આજે સવારે તેલંગાણા વિધિવત રીતે અસ્તિત્વમાં આવી જતા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી પ્રક્રિયાનો અંત આવ્યો હતો. આંધ્રપ્રદેશના ૧૦ ઉત્તરપશ્ચિમ જિલ્લાઓને અલગ કરીને તેલંગાણાની રચના કરવામાં આવી છે. હૈદરાબાદ સૌથી મોટા શહેર તરીકે છે. તેલંગાણાના પાટનગર તરીકે હૈદરાબાદ રહેશે. પ્રથમ દસ વર્ષ સુધી આંધ્ર અને તેલંગાણાના પાટનગર તરીકે હૈદરાબાદને ગણવામાં આવશે. તેલંગાણાની સરહદની વાત કરવામાં આવે તો મહારાષ્ટ્ર, કર્ણાટક, છત્તીસગઢ અને ઓરિસ્સા છે. તેલંગાણાની વસ્તી ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૩૫૨૮૬૭૫૭ છે, જે આંધ્રપ્રદેશની કુલ વસ્તીની ૪૧.૬ ટકા છે. હૈદરાબાદ, વારાંગલ, કરીમનગર, નીઝામાબાદ તેલંગાણાના ચાર સૌથી મોટા શહેરો છે. સાક્ષરતાનો દર અહીં ૬૭.૨૨ ટકા ૨૦૧૧ના આંકડા મુજબ રહ્યો છે. તેલંગાણાના અસ્તિત્વ માટેની લડાઈને લઈને ભારે હોબાળો રહ્યો હતો.

તેલંગાણા તરફી અને તેલંગાણા વિરોધી લોકો સામે આવ્યા હતા. તેલંગાણા પ્રદેશ ૧૧૪૮૪૦ સ્કેવર કિલોમીટર વિસ્તારમાં છે. અલગ રાજ્યની રચના બાદ તેલંગાણા ભારતના અન્ય રાજ્યની સાથે હવે આગળ વધશે.

વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

એ પછી તેઓને આ જ ચિત્રો જોઈને કાં તો સાચી અથવા તો છેતરામણી પ્રતિક્રિયા આપવા જણાવ્યું. દા.ત. કપાયેલો હાથ જોઈને તેમણે સ્મિત વેરવાનું, એટલે કે જૂઠી લાગણી દર્શાવવાની. આ પ્રતિક્રિયાઓ અન્ય નિરીક્ષકો દ્વારા વિડિયો ઉપર ઝીલવામાં આવી. નિરીક્ષકોને આ આકૃતિઓની ખબર નહોતી. એક લાખ ફ્રેમ માટે ૬૯૭ પ્રકારની લાગણીઓનું ફ્રેમ ટુ ફ્રેમ પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પરિણામ એ આવ્યું કે ભાગ લેનાર એક પણ વ્યક્તિ ખોટી લાગણી સંપૂર્ણપણે દર્શાવી શક્યો નહોતો. કંઈક ચિત્ર-વિચિત્ર હાવભાવો અથવા ચિત્ર પ્રમાણેના સાચા હાવભાવો જ તેમના ચહેરા પર પ્રદર્શિત થતા હતા. આંખ મિચકારવી કે દુઃખ દર્શાવવું જેવી લાગણીઓ વ્યક્તિઓ ખોટી દર્શાવી શકતી હતી પરંતુ અણગમો કે ડર જેવી લાગણીઓ જૂઠી દર્શાવવી અઘરી હતી. માણસ જયારે ખોટા હાવભાવ દર્શાવતો હોય ત્યારે તરત પકડાઈ જાય છે અને તે આવી લાગણી કેવી રીતે દર્શાવી શકે એ પ્રશ્ન રજ્ઞા કરે છે. વિચલિત થતી લાગણીઓ મોટાભાગે ચહેરાના ઉપરના અથવા તો ક્યારેક નીચેના ભાગમાં દેખાય છે એમ સંશોધકો જણાવે છે.

જયોતિષવિદ્યામાં ફેસ રીડિંગની એક ખાસ ફેકલ્ટી હોય છે. આ વિભાગ દ્વારા તમારું કપાળ, આંખો, નાક, હોઠનાં લઘાણો દ્વારા વ્યક્તિત્વ પરખવામાં આવે છે. આંખ એ ચહેરાનો સ્પિરિટ બતાવે છે. કપાળ કારકિર્દીનું ઘોતક છે. બે આંખ વચ્ચે ઓછી જગ્યા હોય તો એ વ્યક્તિ ફોકસ્ડ હોય છે અને વધુ જગ્યા હોય તો કલ્પનાશીલ હોય છે એમ મનાય છે. આદર્શ નાક એ ચહેરાની કુલ લંબાઈના એક તૃતીયાંશ ભાગનું હોય તો શ્રેષ્ઠ ગણાય છે. ટૂંકમાં ચહેરો ઘણું બધું કહી દે છે એ વાતમાં બેમત નથી. પરિસ્થિતિમાંથી છટકવા તમારું દિલ ભલે તમને જૂઠું બોલવા પ્રેરે પણ તમારો ચહેરો તો સત્ય જ કહી દેશે. એટલે સાવધાન! ચહેરો આઈનામાં જોવા માંડ્યા કે શું?